નમસ્કાર ગાંધીનગર

પમરાટ

નજર મળ્યે, વહે જો રક્ત, વેગેથી નસેનસમાં.
□દય ની ધડકનો બદલાય, તો સમજો પ્રણય તો છે.

કદી પાસે, કદી એ દૂર ભાગે, મૂંઝવણ જાગે.
કદી જાણી કરી ટકરાય, તો સમજો પ્રણય તો છે.

ન ખુલ્લે આમ એ આવે કદી, શરમાળ છે પ્રિયતમ.
પ્રણયની રીત, "રુહ" પરખાય, તો સમજો પ્રણય તો છે.

બીના ગોસ્વામી...' રુહ'

પાથેય

- રમેશ ઠક્કર

કિનારા વિનાના દરિયા જેવો પ્રેમ...

પ્રેમના સપરમા દિવસે કેટલીક વાતો યાદ આવી જાય છે.પ્રેમ એ પોતાની અનુભૂતિનો વિષય હોય છે.પરંતુ કવિઓ કે લેખકો એ અનુભૂતિને સાર્વત્રિક બનાવી શકે છે.. આવી જ એક કથા વિશે વાત કરવી છે

"પ્રિયજન" વિનેશ અંતાણી લિખિત નવલકથા મેં પહેલીવાર વાંચી ત્યારે મારી ઉંમર વીસેક વરસની હશે..એ પછી એકાદ બે વાર વાંચી.. હમણાં એમાંથી ફરીથી પસાર થયો.ત્યાં જ આ "વેલેન્ટાઈન ડે" પણ આવી ગયો પ્રણય ની આવી કથા ગુજરાતી સાહિત્યમાં બહુ જૂજ લખાઈ છે. કથાનો નાયક નિકેત છે. અત્યારે મારી ઉંમર કથાના મુખ્ય નાયક નિકેત જેટલી છે..પણ પહેલીવાર વાંચી ત્યારે પણ હું મને નિકેત લાગેલો! વીસ આસપાસની ઉંમરે પ્રેમમાં પડેલા નિકેત અને નાયિકા ચારૂ વિખુટાં પડી જાય છે..દરિયા કાંઠાના નાનકડા ગામમાં એમના મુગ્ધપ્રેમની ઘણી પળો નીખરે છે..એ નગર, અને પ્રથમ પ્રણયની યાદગાર ક્ષણો બંનેના મનોજગતમાં મોંઘેરી મૂડીની જેમ સચવાઈ ગયેલાં છે.. પ્રણય વિચ્છેદનો છેદ બંનેના દિલમાં ઉંડે સુધી પડી ગયેલો છે..કથાનાયક નિકેત ઉમા નામની પત્ની સાથે જીવન વિતાવે છે..પણ એની ગંભીર પ્રકૃતિ સતત ચારૂને મીસ કરે છે..ઉમા એને સરસ નિભાવે છે..સુંદર બાળકો અને સંસાર છે..ચારૂ દિવાકર નામના આઈ.એ.એસ.સજ્જનને પરણે છે..સુખી સંસાર ભોગવે છે..પણ નિકેતને ભુલી શકતી નથી..ત્રણ સંતાનોની માતા બને છે..પતિ મૃત્યુ પામ્યો છે..ત્રીસ વરસના અંતરાલ પછી ચારૂ એ જ ગામમાં એકલી રહેતી હોય છે..ત્યાં નિકેતનું આગમન થાય છે..વહી નગર વહી યાદેં..બંનેના મનમાં અકબંધ હોય છે.

કથાની શરૂઆત ત્યાંથી થાય છે.."પ્રિયજન " શબ્દ છેક ત્રીજા પ્રકરણમાં પ્રથમ વાર આવે છે.બે પ્રિયજનોનું મળવું અને ત્રણ દાયકાની વિતેલી જિંદગી ના વાસ્તવ સાથે વિતેલી પળોને સંવેદવું એ અદ્ભુત રીતે લેખક આલેખે છે..વિષાદની એક રેખા અંકાય છે જે કથાના અંત સુધી આપણને સતત ભીંજવી છે..બે ચોટલા આગળ હોય એવી અલ્લડ છોકરી ચારૂ હવે પીઢ વિધવા સ્ત્રી છે..તો કોલેજિયન નિકેત હવે બ્લડપ્રેશરથી પીડાતો પાકટ પુરૂષ છે..લેખક કહે છે એમ 'સ્મૃતિઓ કિનારા વિનાના દરિયા જેવી હોય છે..." ઘણા વર્ષે ભેગાં થયેલાં બંને જણ ચારપાંચ દિવસ એકલાં રહે છે..ભુતકાળ ને જીવંત કરે છે..વાસ્તવ ને સંવેદે છે..એક ટીસ વાચકના હદયને હલબલાવે છે...

પ્રિયજનને ગુમાવવું અને જિંદગીના ઉત્તરકાળે એને મળવું...કથામાં ઘટનાઓ ઓછી છે..સંવેદનસભર આલેખનો છે.."પ્રેમમાં વિષાદ અને પ્રસન્નતાથી પર પણ કશુંક હોય છે " એ ભાવને એને લેખક અદ્ભૂત રીતે ઘૂંટે છે..વાચક સતત ઉત્સુક રહે છે..લેખકની ભાષામાં કચ્છી બોલીની છાંટ છે..જે કથાપ્રવાહને બહેલાવે છે.."બધું મળ્યું હોય પણ જે નથી મળતું એનો ઓથાર વજનદાર હોય છે.." જિંદગીના જુદા જુદા તબકકે "પ્રિયજન ' વાંચી અને દરેક વખતે ભાવુકતા અનુભવી છે..નિકેત મને સમદુઃખિયો લાગે છે..આખરે તો નવલકથા એ આપણી જ કથા હોય છે ને.?!

મનની ભડાસને બહાર આવવાનો એક અવસર તો આપો...

જ્યારથી પૃથ્વી ઉપર મનુષ્યની ઉત્પત્તિ થઈ એ દિવસથી એવી તો કઈ ઘટના બની કે, માણસ એક બીજા ઉપર પોતાની ભડાસ કાઢવા તત્પર રહેવા લાગ્યો ? આમ જોવા જઈએ તો દરેક વ્યક્તિને હંમેશા આનંદમાં અને ખુશ ખુશાલ જ રહેવું છે. પરંતુ પોતાના આનંદને બરકરાર રાખવા માટે એવું કયું પરિબળ છે કે, જે સૌથી ઉપયોગી પુરવાર થાય છે. આ પરિબળ છે, 'ભડાસ કાઢવાના રસ્તા'. હસતા-મુસ્કુરાતા ચહેરાના ગર્ભમાં એની નીકળી ગયેલી ભડાસ અને ચીડ મૂખ્ય કારણ છે.

જાહેર ફંકશનમાં અત્યંત સંવેદનશીલ અને પ્રેમથી છલોછલ ભરેલા દેખાતા પતિ અને પત્ની પાંચ-દસ મિનિટ પહેલાં જ ઘરે બુમાબુમ કરીને એકબીજા ઉપર મનની ભડાસ ખંખેરીને એક મેકના હાથમાં હાથ પરોવી મસ્તીથી મહાલતા જોવા મળી શકે છે. ઘરમાં હિટલર અને મુસોલીની માફક કડક ચહેરે ફરતો પતિ અને દરેક વાતમાં શંકા-કુશંકા કરી ઝઘડા કરતી પત્ની પંદર વીસ મિનિટ પછી પતિને પરમેશ્વર અને હિટલર લાગતો પતિ પત્નીને રૂપની રાણી સમજીને કેવી રીતે મોજમાં રહી શકે છે એની પાછળનું વૈજ્ઞાનિક કારણ એ જ છે કે, મનની ભડાસને બન્ને નિરાંતે બહાર નીકળવાનો અવસર આપે છે. જે લોકો ભડાસને બહાર નથી કાઢી શકતા એમનું જીવન બિમાર અને નિરસ બની જાય છે.

યુએસની ઓહાયો સ્ટેટની હેડલબર્ગ યુનિવર્સિટીની સાઈકોલોજી એન્ડ ક્રિમિનોલોજી પ્રોફેસર એરોન સેલે સાઈકોલોજી એન્ડ ક્રિમિનોલોજી ઉપર ગહન અભ્યાસ કર્યો છે. એરોન સેલ મનની ભડાસ ઉપર કહે છે કે, ભડાસ કાઢવાથી મન કાબુમાં રહે છે અને સામેની વ્યક્તિના મગજમાં તમારી વાત વધુ અર્થપૂર્ણ રીતે પ્રવેશી શકે છે. આપણા વડીલોમાંથી ભડાસ કાઢનારા કરતા ભડાસ ન કાઢનારા લોકો લાંબુ જીવી ગયા હશે એવા દાખલાઓ લોકો હંમેશા આપે છે. પરંતુ પ્રોફેસર સેલ દાવાપૂર્વક કહે છે કે, ગુસ્સો કરી મનની ભડાસ કાઢી નાખનારા લોકો ગુસ્સો ન કરનારા અને મનમાં ભરી રાખનારા કરતાં વધુ સુખ-ચેનથી જીવી ગયા હતા. સેલ માને છે કે, જે વ્યક્તિ ભડાસ નથી કાઢી શકતા એને લોકોએ મગતરા સમજી કચડી નાખ્યા છે.

વ્યક્તિના મનની ભડાસ વ્યક્તિને નિયંત્રણમાં રાખવાનું મહત્વનું કામ કરે છે. વ્યક્તિના બીઝનેસમાં કે પછી ઓફિસમાં અને ઘર પરિવારમાં વ્યક્તિએ કરેલી ધારણાઓ અને આયોજન અનુસાર કાર્ય ન થાય, ઈચ્છિત પરિણામ ન મળે ત્યારે મનમાં અજંપો ઊભો થતો હોય છે. આની સીધી અસર વ્યક્તિના મગજ ઉપર પડે છે. નકારાત્મક વિચારો સાથે ગુસ્સો મનમાં આકાર લે છે. કોઈ કારણસર વ્યક્તિ આવી પરિસ્થિતિનું નિયંત્રણ નથી કરી શકતો કે પછી એના હાથમાં કોઈ બાબત રહેતી નથી. આવી સ્થિતિમાં જોરથી ચીસો પાડવાની કે પછી ગુસ્સો કરવાની ઈચ્છા થાય છે. આ ઈચ્છાને જ 'મનની ભડાસ' કહેવાય. અમેરિકાના કીન વિશ્વ વિદ્યાલયના એક સંશોધનમાં જણાવાયું છે કે, જે વ્યક્તિ એના મનના આવેગો નિયમિત રીતે બહાર કાઢવાની ટેકનિક જાણે છે એ વ્યક્તિ વધુ સ્વસ્થ અને તંદુરસ્ત હોય છે.

મનમાં આવેગો ભરાઈ જાય ત્યારે મનની સ્થિતિ એક પ્રેશર કુકર જેવી હોય છે. જેમ કુકરમાં વરાળનું પ્રેસર વધી જાય અને સીટી વાગે પછી કુકર શાંત થઈ જાય એમ મનમાં એક પછી એક આવેગોના પ્રવાહના પ્રેશરથી મન ભારે થાય ત્યારે ભડાસરૂપી સીટી મનને હળવું કરવાનું કામ કરે છે. જ્યારે કોઈ વ્યક્તિનું કોઈ કાર્ય કે વર્તણૂક ઉત્તેજીત કરે ત્યારે એની સામે મોટેથી બોલીને ગુસ્સો કરવાથી બે ગેરફાયદા થઈ શકે છે. એક તો શરીર અને મનની સ્થિતિ ઉપર દુષ્પ્રભાવ પડે છે અને બીજું સંબંધોમાં કડવા બની શકે છે. આવી પરિસ્થિતિનો સાદો સરળ ઉપાય એ છે કે, ઘરના ડ્રેસિંગ ટેબલના અરીસા સામે ઊભા રહીને એ વ્યક્તિ સામે જે કોઈ ક્રોધની લાગણી છે એ કહી દો. અરીસા સામે દેખાતા પોતાના પ્રતિબિંબને જે વ્યક્તિ સામે રોષ છે એ સમજીને મોટેથી બુમ પાડીને મનને હલકુ કરી દો.

જરૂરી નથી કે પ્રત્યેક વ્યક્તિ તમે જે રીતે વિચારો છો એ રીતે જ બોલે કે વ્યવહાર કરે. આવા સંજોગોમાં સામેવાળી વ્યક્તિને તમારા વિચાર શાંતિથી સમજાવવાનો પ્રયાસ કદાચ કારગત નીવડી શકે. આમ પણ જ્યારે બે વ્યક્તિ સંવાદ કરે છે ત્યારે ક્યારેક વયમાં મોટી વ્યક્તિના કોઈ વિચાર સાથે અસહમતી હોય તો શાંત રહેવું વધુ ઉચિત છે. અને જ્યારે વાતાવરણ બદલાય ત્યારે તમારો વિચાર રજૂ કરવાથી ઈચ્છિત પરિણામ અવશ્ય મળી જાય છે. મિત્રો મનની ભડાસ કાઢવા માટેનું સર્વોત્તમ સ્થળ છે. મિસોરી વિશ્વવિદ્યાલયના એક સંશોધનમાં જણાવાયું છે કે, મનની ભડાસ કાઢવા માટે દોસ્તો સાથે ખુલ્લા દિલે કરાતી વાતચીત અને ફરિયાદ વ્યક્તિના મનને શાંત કરવામાં અત્યંત ઉપકારક બને છે. અને હાં, આનું એક નેગેટિવ પાસુ પણ છે. ક્યારેક આવા પ્રયોગ નકારાત્મક લાગણીઓ ફેલાવવાનું કાર્ય પણ કરે છે. એટલે બિલકુલ ભરોસાપાત્ર હોય એવી વ્યક્તિ આગળ જ મનની ભડાસ કાઢીને મન હળવું કરવું જોઈએ.

મનની ભડાસ કાઢવા આજકાલ વિદેશોમાં ડેમેજ થેરેપીનો ઉપયોગ થઈ રહ્યો છે. જેમાં વ્યક્તિ રબર ડોલ અથવા બોયની થપ્પડ મારતા હોય, તોડ ફોડ કરવા ફર્નિચર આપવામાં આવતું હોય, મોટેથી ચીસો પાડવાની જગા આપવામાં આવે વગેરે. આનો લોકો ઉપયોગ કરે છે. આનાથી મનને શાંતિ મળતી હોય છે. પરંતુ તજજ્ઞોના મંતવ્ય અનુસાર આ પ્રકારનું ચેનેલાઈઝેશન આર્થિક નુકસાન સાથે અન્ય સમસ્યાઓ પણ પેદા કરી શકે છે એટલે આ પ્રકારના પ્રયોગોથી બચવું જરૂરી છે.

મનઃસ્થિતિ ત્યારે જ વિકટ થાય કે જ્યારે કોઈ વ્યક્તિના વિચાર આપણા વિચારથી મેળ ન ખાતા હોય. બીજાના વિચારોને આપણી માન્યતા અનુસાર સેટ કરવાની અભિલાષા છોડીને આપણા વિચારો ચેનેલાઈઝ કરવામાં શાણપણ છે. નવી કાર, નવા કપડા, નવા લોકો થોડો સમય સુખ આપે છે. આ સુખ અને મજા છેતરામણા છે. થોડા સમય પછી તરત જ બીજી અપેક્ષાઓ અને ઈચ્છાઓમાં સુખ દેખાવા લાગતું હોય છે. સાચી સ્થિતિનું ભાન તો 'સ્ટેડી માઈન્ડ'માં થતું હોય છે. 'સ્ટેડી માઈન્ડ' ત્યારે જ બની શકે જ્યારે 'મનની ભડાસ' યોગ્ય રીતે ચેનેલાઈઝ થઈ જાય.

ધબકાર :
પોતાના મનની વાત ખુલ્લા દિલે કહેનારા લોકો વધુ સ્વસ્થ રહે છે.

પ્રેમ એટલે કે સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો....

પ્રેમ વ્યક્ત કરવાનો દિવસ માત્ર કોઈ એક તો હોઈ જ ન શકે. પ્રેમ તો પ્રતિપળ વ્યક્ત થતો રહેવો જોઈએ. તેનું પ્રદર્શન ન હોવું જોઈએ. પ્રેમ ખૂબ નાજુક ઘટના છે. એને ઊંડાણપૂર્વક સમજીએ તો પ્રેમ એટલે બીજાનું ધ્યાન રાખવું. ગુલાબનું ફૂલ ખરીદીને વેલેન્ટાઈન ડેનું કાર્ડ સેન્ટ

છાંટી દઈને પછી ઝટપટ કોઈને આપી દેવું એ પ્રેમ વ્યક્ત કરવાનો શિષ્ટાચાર જરૂર છે. અને માન્યું કે શિષ્ટાચારનું પણ જીવનમાં સમયાંતરે મહત્ત્વ છે, પરંતુ ખરેખર તો પ્રેમની અભિવ્યક્તિ એટલે પ્રિય વ્યક્તિની સંભાળ લેવી. તેની જરૂરિયાતને વગર બોલ્યે સમજી જઈને સંતોષવી. ઠોકર લાગે પછી હાથ આપવો તેમ નહીં પરંતુ ઠોકર લાગ્યા પહેલાં જ ઠેસ લાગવાના સ્થાન પર પોતાના હાથને મૂકીને તે વ્યક્તિને સાચવવી.

સવાર સવારમાં પ્રેમથી બનાવેલા ટિફિનને બપોરે કકડાટી કરતી ભૂખ લાગે અને જ્યારે જમવા બેસીએ ને ખબર પડે કે શાકમાં તો મીઠું જ નથી, ત્યારે માત્ર તેના સ્નેહથી વઘારેલા શાકને સબરંગમય માનીને આરોગી લેવું, એ પ્રેમ છે. વળી મેસેજ કરીને રસોઈ સરસ બન્યાનો મેસેજ આપો.

પ્રેમ તો ધીરજનું નામ છે. અધીરાઈ નથી. આકરાપણું નથી. પ્રેમ તો તસુ-તસુ ચાલવાનું નામ છે.

પ્રેમ હંમેશા દરવાજે ટકોરા દે છે, પૂછે છે કે શું હું અંદર આવી શકું છું? જો અનુમતિ ન હોય તો પ્રતીક્ષા કરે છે. ગુસ્સો નથી કરતો. કારણ કે બીજાની સ્વતંત્રતાનું મૂલ્ય છે. અને બીજું જ્યારે આપણું પ્રિય પાત્ર હોય ત્યારે તો ખાસ.

વસ્તુતઃ સમાજમાં લોકોએ પ્રેમને નામે એટલા બધા દગા અનુભવ્યા છે કે તે નવા કપટ માટે તૈયાર નથી.

યહા પર રિશ્તો કી જરૂરત કિસી કો નહિ હૈ, સિર્ફ જરૂરત કે રિશ્તે નિભાયે જાતે હૈ. યુગપુરુષ ફિલ્મનો સંવાદ છે.

પ્રેમ જ્યારે પણ આવ્યો છે ત્યારે કન્ડિશન્સ એપ્લાયની ચકરડી સાથે જ આવ્યો છે. વિશ્વાસ એ તો વિશ્વનો શ્વાસ છે. અને જ્યારે વિશ્વાસ તૂટે ને ત્યારે હૃદયમાં કડાકા બોલે છે સામેવાળી વ્યક્તિ ક્યાંથી તમારા પ્રેમ પર વિશ્વાસ કરી શકે, જ્યારે પગ પગ તેણે ઠોકરો જ ખાધી હોય.

અને હા પ્રેમ એ આંધળો નથી હોતો. ખરેખર તો યોગ્ય વ્યક્તિના સંસર્ગમાં આવ્યા પછી તો દિવ્યતાના દર્શન થાય છે. પ્રેમ તો પ્રકાશ છે અને પ્રકાશને જીરવવાની તાકાત ન હોય તો ચોક્કસ માનવી આંધળો બને છે.

પ્રેમશૂન્ય વ્યક્તિ ખૂબ ખતરનાક હોઈ શકે છે. ઋજુહૃદય ન હોય તો તે વિશ્વાસપાત્ર બની શકતી નથી.

યોગ્ય સાથી વગરનું જીવન જીવાતું હોય ત્યારે ઘડિયાળમાં માત્ર એક જ કાંટો હોય છે, અને તે ક્લાકનો હોય છે. ધીમે ધીમે ક્લાકોના હિસાબે જીવનનો પંથ કપાતો હોય છે જીવનમાં કોઈ રવાની નથી હોતી. પરંતુ સંગાથ મળ્યા પછી મિનિટના કાંટાનો ઉમેરો થઈ જાય છે. જીવનની ગતિ પણ બદલાઈ જાય છે. મિનિટે મિનિટે નૂતનતા જીવનમાં પ્રવેશતી જાય છે. અને જ્યારે બંને કાંટા ભેગા થાય ત્યારે તો સત ચિત આનંદનો જન્મ થયા વગર રહેતો નથી.

"એક વ્યક્તિને પ્રેમ કરવો એનો અર્થ એટલો જ છે કે એ વ્યક્તિ સાથે વૃદ્ધ થવા માટે સંમત થવું." આલ્બેર કામુનું આ વિધાન દરેક પ્રેમી માટે સ્ટેમ્પ પેપર પર લખી રાખવા બરાબર છે.

યુવાનીમાં કોલેજમાં જેની શ્યામવર્ણી ઝુલ્ફો પાછળ દીવાના થયા હોઈએ લગ્ન પછી દાળ-શાકમાં એ જુલ્ફોનો એકાદ તાંતણો આવી જાય તો આપણા ભવા તંગ ન થવા જોઈએ. જેના પગની પાયલનો રણકાર આપણને મંત્રમુગ્ધ કરતો હોય વર્ષો પછી એના એ જ પગની એડીના દુખાવા માટે ડો.ઓર્થોનું તેલ એટલા જ પ્રેમથી લગાવવાની તૈયારી હોવી જોઈએ. જેના મોતી જેવા દાંતની હારમાળા દાડમના દાણા જેવી લાગતી હોય તેના ચોકઠાને જમ્યા પછી સંભાળીને ડબ્બીમાં મૂકવાની ચાનક પણ હોવી જોઈએ. જેના હરણી જેવા નેણમાં આપણને ચાંદ તારા દેખાતા હોય તેની જ આંખમાં જ્યારે મોતિયો આવે ત્યારે ખૂબ ચીવટથી સંભાળ લેવાની દાનત હોવી જરૂરી છે.

પ્રેમ એ કંઈ સોડા જેવો ઉભરો નથી કે ઉભરાઈ ગયા પછી ખલાસ. પ્રેમ તો દરિયા જેવો અગાધ છે. અને ધીરજયુક્ત છે.

આજે આપણી પ્રિય વ્યક્તિને ગુલાબ આપીએ કે ન આપીએ પરંતુ એ અહેસાસ તો જરૂર પ્રસરાવીએ કે તારા વગરનો હું એટલે એકડા વગરનું મીંડું.

- jayuoza@gmail.com,
Mo.9898046488

પ્રેમના અજવાળા જ્યારે ત્યારે ઝીલાયા તે તે ક્ષણો સોનેરી બની જાય છે ને આપણે નાચી ઊઠીએ છીએ

જે સુલગે તે બુઝી ગયે
બુઝે તો સુલગે નહિ
રહિમન દાહે પ્રેમ કે
બુઝિ બુઝિ કે સુલગાહી....

રહિમ કહે છે કે આગ બુઝાઈ પછી ફરી ન લાગે, પ્રેમ અગ્નિ તો બુઝાઈને પણ ફરી ફરી પ્રગટે છે.

આજ વાત કબીર સાહેબ આમ લખે છે.

પ્રીત પુરાની ના હોત હૈ
જો ઉત્તમ સે લાગ
સૌ બરસા જલ મેં રહે
પાત્થર ના છોરે આગ....

પ્રેમ કયારેય જુનો નથી થતો, જેમ સો વર્ષ વરસાદમા ભીંજાયા પછી પણ પથ્થરથી આગ અલગ નથી થતી.

પ્રેમ.... અઢી અક્ષરનો આ શબ્દ... એના વિશે. માનવ સભ્યતાનો શબ્દ સાથે જોડાયો ત્યારથી આ પળે હું લખી રહ્યો છું ત્યાં સુધી અપરંપાર લખાયું - બોલાયું - વંચાયું - ગવાયું - પરંતુ એક અનુભૂતિ એ પણ રહી કે આ બધામાં પ્રેમની અભિવ્યક્તિ થયા પછી પણ થાય કે પ્રેમ તો એની ચરમસીમાએ મૌનમાં જ અભિવ્યક્ત થાય છે.

કોઈ એક દિવસ પછી તે, જન્મ દિવસ, મેરેજ ડે, વેલેન્ટાઈન ડે, ફ્રેન્ડશીપ ડે.... વગેરે વગેરે વગેરેના દિવસે આપણે વૈવિધ્યપૂર્ણ રીતે પ્રેમ બતાવીએ - સ્વીકારીએ છીએ. હવે તો આ આખીયે પ્રક્રિયામાં સંવેદના સાથે માર્કેટીંગ અને બીઝનેશ ભળી ગયા છે. જાતજાતની વસ્તુઓ સાથે જોડાયેલા ડે દ્વારા જ પ્રેમ અભિવ્યક્ત થાય એવું પણ કેટલાકને લાગે. અભિવ્યક્તિ માટે કોઈ એક માધ્યમ હોય એ જરૂરી છે પરંતુ વાત અહીં અટકવી ના જોઈએ એ પણ એટલી જ સાચી હકીકત છે. કોઈ કોઈને

આર્થિક રીતે મૂલ્યવાન ગીફ્ટ આપે એ જરૂરી છે કે પછી જેનું મૂલ્ય જ ના થાય એવો સમય આપે, એવો સ્નેહ આપે, એવું સ્મિત આપે એ જરૂરી છે ? આખરે એક માણસ જયારે બીજા માણસને પ્રેમ કરે છે ત્યારે સામેનું પાત્ર રાજી રહે, આનંદ પામે, મસ્તી અને મૌજ અનુભવે એ જ તો ભાવ હૃદયમાં ભર્યો છે ને ! ગોપીઓએ કૃષ્ણને પ્રેમકર્યો તો માત્ર એક જ ચાહના રાખી ને કે બસ કૃ્ણ રાજી રહે, કૃષ્ણ ખુશ રહે, જયાં જયાં, જયારે જયારે કોઈએ કોઈને પ્રેમ કર્યો છે ત્યારે હૃદયમાં એક જ ભાવ રહ્યો છે કે હું જેને પ્રેમ કરું છું એ ખુશ રહે.

પ્રેમ શબ્દોથી વ્યક્ત થાય એના કરતા વધુ આંખોથી, એના કરતા વધુ સ્પર્શથી, એના કરતા વધુ મૌનથી અને એના કરતા વધુ કદાચ આંસુઓમાં અભિવ્યક્ત થાય છે. આંસુ એ પ્રેમની સૌથી સર્વોચ્ચ ભેટ છે પ્રેમીને માટે....

પ્રિયજન સાથે મળીને સાથે વીતાવેલો સમય, સ્પર્શથી અને આનંદની પળો, સાથે કરેલા પ્રવાસો - યાત્રાઓ - નૃત્ય - ગીત - સંગીત - મેદાની કે ઈન્ડોર ગેઈમ્સ.... આ બધું યાદ આવે અને આંખમાં આંસુ છલકાય.... પ્રિયજન સાથે જ હોય, સાથે જ હોય અને એની આંખમાં આંખ મેળવતા આંખો ભીની થાય.... એનાથી વધુ શ્રેષ્ઠ પળો જીવનની કઈ હોઈ શકે ?

પ્રિયજનને રાજી રાખવા આપણે આપણા સ્વભાવમાં બદલાવ લાવતા નથી, સહજપણે બદલાવ આવી જાય છે. પ્રિયજનને રાજી રાખવા પ્રયત્ન નથી કરવો પડતો, એ સહજ થઈ જાય છે. પ્રેમ આપણી અંદર પ્રગટે છે ત્યારે કદાચ આપણને પણ ખબર પડતી નથી અને પ્રેમની ખુશ્બુથી આપણે છલકાઈ ઊઠીએ છીએ. પછી એ પ્રેમની ખુશ્બુની સુગંધ આપણી આસપાસ પણ પ્રસરે છે. પ્રેમની લાગણીમાં સંવેદનામાં હંમેશા ભરતી જ આવે..... ઓટ આવે તો એ આપણામાં રહેલી કોઈક ખોટ, કોઈક ગણિતના કારણે હોય છે, બાકી પ્રેમી તો માત્ર ને માત્ર પ્રેમ - પ્રેમ ને પ્રેમ જ વરસાવે.... પ્રિયજન રોજ રૂબરૂ મળે જ એ જરૂરી થોડું છે ? અરે વર્ષો સુધી પણ ના મળે અને છતાં જયારે આપણે એના માટે માત્ર ને માત્ર શુભ ઈચ્છીએ, રોજ એ ખુશ રહે એવી પ્રાર્થના કરીએ ત્યારે આપણી અંદર પ્રેમ છલકાય છે એની આપણને અનુભૂતિ થાય છે. આવી ક્ષણે આનંદ એ વાતનો હોય છે કે આપણે આપણી નિજતા નથી છોડી, આપણે માત્ર પ્રેમ જ કર્યો છે ને કરીશું એની અનુભૂતિ થાય છે.

સંગાથે હોઈએ ત્યારે તો જીવનની પળપળને આપણે પ્રેમથી સભર કરીએ જ પરંતુ સંગાથે ના હો, સ્મરણમાં જ હો, એ સમયે પણ પ્રિયજનના સાનિધ્યનો વણ કહ્યો પ્રેમનો વૈભવ માણી શકીએ ત્યારે પ્રેમના અજવાળા રેલાય છે. આ પ્રેમના અજવાળા જયારે ત્યારે ઝીલાયા તે તે ક્ષણો સોનેરી બની જાય છે ને આપણે નાચી ઊઠીએ છીએ. પ્રેમની અનુભૂતિ આવી પળ પણ બની રહો....